Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-3,December-2017

# કેશલેસ ઇકોનોમી : પગલા અને પડકારો

પ્રો. આર. એચ. પરમાર
અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ
એન. પી. આર્ટસ & કોમર્સ કોલેજ,કેશોદ

## ❖ પ્રારંભિક :

આપણે જાણીએ છીએ કે લોકશાહી ઢબે ચાલતા આપણા દેશમાં સરકાર સમક્ષ વર્ષોથી ઘણાં બધાં પડકારો હતા. દેશની અનેક સમસ્યાઓ વિકાસનાં આડે અવરોધો ઉભા કરી રહી છે. આવા સંજોગોમાં વિકાસ આડેના વિધ્નો દુર કરવા માટે પ્રવર્તમાન કેંદ્ર સરકારે અચાનક વિમુદ્રીકરણની જાહેરાત કરી હતી. જો કે સરકાર દ્વારા તેની પૂર્વતૈયારી ઘણાં લાંબા સમયથી ચાલતા હોવાનું અનુમાન લગાવાયુ હતું. આ માર્ગ અપનાવવા પાછળનો સરકારનો મુખ્ય હેતુ ભ્રષ્ટાચાર, કાળુ નાણું, નાણાંની ગેરકાયદેસર હેરફેર અને આતંકવાદ વિરૂધ્ધ કડક પગલાં ભરવાનો હતો. પરંતુ ખૂબ જ વધારે વસ્તી ધરાવતાં આપણાં દેશમાં શિક્ષણનાં નિમ્નપ્રમાણે અને જાગૃતિનો અભાવ તેમજ કરચોરીનાં ઉંચા પ્રમાણને લીધે રોકડ વ્યવહારોનું પ્રમાણ ખૂબ જ વધારે હતું. આવા સંજોગોમાં દેશમાં કેશલેસ વ્યવહારોનું પ્રમાણ વધે તે માટે ખૂબ જ વધારે પ્રયાસો કરવા પડે તે સ્વાભાવિક છે.

## ❖ કેશલેસ ઇકોનોમી એટલે શું? :

સામાન્ય રીતે કેશલેસ અર્થતંત્ર એટલે એવું અર્થતંત્ર જેમાં મોટાભાગનાં આર્થિક વ્યવહારો ઓછામાં ઓછી રોકડ અથવા તો રોકડ રકમ વગરનાં થાય.

કેશલેસ અર્થતંત્ર એટલે જેમાં ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ તેમજ ઇલેક્ટ્રોનિક્સ ફંડ્ઝ ટ્રાન્સફર તેમજ ઓનલાઇન ખરીદી દ્વારા બધા જ આર્થિક વ્યવહારો થતા હોય.

## ❖ કેશલેસ અર્થતંત્રનાં સાધનો :

રોકડ વગરનાં વ્યવહારોની સફળતા માટે તેના માટે યોગ્ય માળખું હોવું જરૂરી છે. જો કે સરકારના આ માટેનાં પ્રયાસો ડીઝીટલ ઇન્ડિયાનાં પ્રોગ્રામથી વધુ તેજ બનાવ્યા હતા. આમ આ પ્રકારનાં અર્થતંત્ર માટે નીચે મુજબનાં કેટલાંએ સાધનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

(૧) NEFT

(૨) મૉબાઇલ વોલેટ

(૩) પ્રિ-પેઇડ કાર્ડ

(૪) પિન્ક કોડ

(૫) પે-રોલ કાર્ડ

(૬) ડેબિટ કાર્ડ

(૭) ક્રેડિટ કાર્ડ

(૮) UPI

(૯) POS

(૧૦) ડીઝીટલ પેમેન્ટ સિસ્ટમ

## ❖ સરકારનાં પ્રોત્સાહક પગલાઓ :

સરકારે કેશલેસ સોસાયટીનાં પ્રોત્સાહન માટે અને તમામ આર્થિક વ્યવહારો રોકડને બદલે ઉપરોક્ત માધ્યમો વડે થાય તે માટે સરકારે નીચે મુજબનાં કેટલાંક પગલાઓ લીધા છે.

(૧) ગ્રાહકો માટે લકી ગ્રાહક યોજના

(૨) વેપારીઓ માટે ડીજીધન વ્યાપાર યોજના

(૩) વિતીય સાક્ષરતા અભિયાન

(૪) ભીમ (ભારત ઇન્ટરફેસ ફોર મની) એપ

(૫) રૂપે કાર્ડ

(૬) આધાર - પેમેન્ટ

(૭) RBI ના પગલાઓ

- IMPS - ઇમીડીયેટ પેમેન્ટ સિસ્ટમ
- NHCH - નેશનલ ઓટોમેટેડ ક્લીયરીંગ

- CTS - કેશ ટર્કેશન સિસ્ટમ
- AEPS - આધાર આધારિત ચૂકવણી
- UPS - યુનાઇટેડ પેમેન્ટ ઇન્ટરફેસ
- રૂપે ડેબિટ કાર્ડ

## ❖ કેશલેસ અર્થતંત્રના ફાયદાઓ :

આ પ્રકારના અર્થતંત્રથી અનેક લાભો પ્રાપ્ત થાય છે. જેને ટુંકમાં નીચે મુજબ વર્ણવી શકાય.

(૧) તેનાથી ચૂકવણી સરળ બને છે.

(૨) ધંધો કરવાનાં અને ચલાવવાનાં ખર્ચમાં ઘટાડો થાય છે.

(3) ઓનલાઇન ચૂકવણીઓમાં જોખમ ઓછું છે.

(૪) નવી ચલણી નોટોની ઓછી જરૂર પડે છે તેથી RBI નાં ખર્ચમાં ઘટાડો થાય છે.

(૫) ડ્રગ્ઝની હેરફેર, આતંકવાદી પ્રવૃતિઓ અને નાણાંની ગેરકાયદે હેરફેર જેવી ઘણી અસામાજિક અને ગેરકાનુની પ્રવૃતિઓમાં ઘટાડો થાય છે.

(૬) બેન્કિંગ ક્ષેત્રમાં રોકડની માંગ ઓછી થાય. રોકડનો ઓછો સંગ્રહ કરવો પડશે.

(૭) સરકારે રોકડ વગરનાં આર્થિક વ્યવહારોનું આસાનીથી મોનિટરીંગ કરી શકે છે. તેથી કરચોરી ઘટે છે અને કર આવકોમાં વૃદ્ધિ થાય છે.

(૮) બે પક્ષો વચ્ચેના નાણાંકીય વ્યવહારનો ખર્ચ ઘટશે.

(૯) નાણાંકીય વ્યવહારનો રેકર્ડ જળવાશે.

(૧૦) ત્રાસવાદીઓ અને નકસલવાદીઓને મળતા ભંડોળને ફટકો.

(૧૧) રાજકીય ભ્રષ્ટ્રાચારમાં ઘટાડો.

(૧૨) FDI નો પ્રવાહ વધશે કેમકે ભ્રષ્ટ્રાચાર મુક્ત વ્યવહારો થશે.

(૧૩) બેન્કિંગ વ્યવસ્થા મજબુત બનશે.

## ❖ કેશલેસ અર્થતંત્ર સામેના પડકારો :

સમગ્ર દેશમાં કેશલેસ ઇકોનોમી ઉભી કરવા માટે સામે અનેક અવરોધો છે. જેને નીચે મુજબ વર્ણવી શકાય.

(૧) ચૂકવણી કરનાર જે કાર્ડ કે ડીઝીટલ સિસ્ટમનો ઉપયોગ કરે તેના પર ચાર્જ ઓછો લાગે તે જરૂરી છે.

(૨) ગ્રામીણ અર્થતંત્રમાં જાગૃતિનો અભાવ.

(૩) ડીઝીટલ વ્યવહારોની સુરક્ષા જળવાવી જોઇએ.

(૪) મજબુત ઇ-કોમર્સ પોલીસીની જરૂર પડશે.

(૫) આ પધ્ધતિની સફળતા માટે સ્માર્ટફોન, ઇન્ટરનેટ અને બ્રોડબેન્ડ કનેક્ટીવીટી જરૂરી છે.

(૬) ગ્રામ્ય વિસ્તારોમાં ATM ની નહિંવત સગવડ.

(૭) ગ્રામીણ ભારતનાં ૯૫% વ્યવહારો રોકડમાં થાય છે.

(૮) આપણું ઇન્ટરનેટનું માળખું નબળું સાબિત થયું છે તેમાં ફેરફારો કરવા પડશે.

## ❖ કેશલેસ અર્થતંત્રની સફળતા માટેનાં સૂચનો :

આ પ્રકારનાં **અર્થતંત્રની સફળતા માટે નીચે મુજબનાં સુચનો કરી શકાય.**

**(૧)** બેન્કિંગ સેવાનો વ્યાપ વધારવો પડશે.

(૨) કરની જાળ વિસ્તૃત કરવાની જરૂર છે.

(૩) ડેબિટકાર્ડ અને ક્રેડિટકાર્ડ ચાર્જ ઘટાડવા જોઇએ.

(૪) ગ્રામીણ વિસ્તારોમાં જરૂરી માત્રામાં બેંકોની શાખાઓ ખોલવી જોઇએ.

(૫) ડીઝીટલ ગુનાઓ અટકાવવા આકરા પગલા જરૂરી છે.

(૬) ઇન્ટરનેટનું કાર્ય મજબુત વ્યવસ્થા દ્વારા ઝડપી બનાવવું.

## ❖ સંદર્ભ :

(૧) "વિમુદ્રીકરણ : ચૂંટણીમાંના કાળા નાણાંની ચકાસણીની શક્યતા", એસ. વાય. કુરેશી, યોજના - ફેબ્રુઆરી-૨૦૧૭.

(૨) "ગ્રામીણ અર્થતંત્રને કેશલેસ બનાવવાના પડકારો", સમીરા સૌરભ, યોજના - ફેબ્રુઆરી-૨૦૧૭.

(૩) "કાળું નાણું : એક સળગતો રાજકીય મુદ્દો" લેટેસ્ટ ફેક્ટસ ઇન જનરલ નોલેજ - જાન્યુઆરી-૨૦૧૫.